# ગુજરાત જાહેર સેવા આયોગ

ગુ. વ. સે., વર્ગ-૧ અને ગુ. મુ. સે, વર્ગ-૧ અને વર્ગ-૨ (જા. ક્ર. ૯/૨૦૧૪-૧૫)ની મુખ્ય પરીક્ષા (લેખિત)ના ઉમેદવારો માટે

**અગત્યની સૂચના**

ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ અને ગુજરાત મુલ્કી સેવા, વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ પર ભરતી કરવા માટે આયોગ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરાત ક્રમાંક :- ૯/૨૦૧૪-૧૫ની મુખ્ય પરીક્ષા (લેખિત) માટે અરજીપત્રક, જરૂરી તમામ પ્રમાણપત્રો સાથે આયોગની કચેરી ગુજરાત જાહેર સેવા આયોગ, પ્રથમ માળ, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતે રૂબરૂ અથવા રજી.પોસ્ટ એ.ડી. દ્વારા મોકલી આપવાના રહે છે.

- ☐ એસ.એસ.સી.ઈ. અથવા તેની સમકક્ષ પરીક્ષાનું પ્રમાણપત્ર કે જેમાં જન્મ તારીખ દર્શાવેલ હોય. ( શાળા છોડ્યાનું પ્રમાણપત્ર માન્ય નથી.)
- ☐ પદવી પ્રમાણપત્ર, એકથી વધુ પદવી હોય તો દરેક પદવીનું પ્રમાણપત્ર.
- ☐ પદવીનું ગુણ પત્રક કે પત્રકો (માર્કશીટસ )
- ☐ અનામત જાતિ માટે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ જાતિ પ્રમાણપત્ર અને શાળા છોડ્યાનું પ્રમાણપત્ર.
- ☐ સા.અને શૈ.પ.વર્ગના ઉમેદવારો માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૬-૨-૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-ક મુજબનું ‘ ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોય’ તેવું તા. ૧-૦૪-૨૦૧૪ પછીની તારીખનું પ્રમાણપત્ર.
- ☐ શારીરિક રીતે અશક્ત ઉમેદવારોને સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૧૨-૨૦૦૮ના પરિપત્ર ક્રમાંક : પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ.૨થી નિયત થયેલ સુપ્રિન્ટેન્ડન્ટ / સિવિલ સર્જને આપેલ તબીબી પ્રમાણપત્ર.
- ☐ સરકારી નોકરીમાં હોય તેવા ઉમેદવાર માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૮-૧૧-૮૯ના પરિપત્ર ક્રમાંક : એફઓએ-૧૦૮૮-૩૯૪૦-ગ.૨થી નિયત કરવામાં આવેલ નમુનામાં સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ “ ના વાંધા પ્રમાણપત્ર. “
- ☐ નામમાં ફેરફાર કરાવેલ હોય તો ગેઝેટની / લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ.
- ☐ માજી સૈનિક હોવા અંગે ડિસ્ચાર્જ બુકની નકલ.
- ☐ વિધવા ઉમેદવારના કિસ્સામાં પુનઃલગ્ન કરેલ નથી તે અંગેની એફીડેવીટ.
- ☐ પોસ્ટ ઓફીસમાં ફી ભર્યા અંગેની પહોંચની નકલ.

**ઉપર દર્શાવેલ જરૂરી પ્રમાણપત્રોમાંથી તમને લાગુ પડતું કોઈ પ્રમાણપત્ર તમારી અરજી સાથે બિડાણ કરવામાં આવેલ નહીં હોય તો, આપની અરજી અધુરી માહિતીવાળી ગણીને રદ કરવામાં આવશે. તેની ખાસ નોંધ લેવી.**

( એન.એમ.ધ્રુવ )
સંયુકત સચિવ,
ગુજરાત જાહેર સેવા આયોગ

તા. ૧૭. ૫.૨૦૧૫